સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# યાદ રાખો, આપત્તિ સમયે આપણી જાગૃતિ અને સતર્કતા આપણને બચાવશે

## પશુપાલન ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## અતિવૃષ્ટિ/પૂરના સમયે પશુઓની લેવાની થતી કાળજી

### ▶ અતિવૃષ્ટિની આગાહી મળતા લેવાના થતાં પગલાં

- પશુઓ ખીલે નહીં બાંધતા છુટા રાખવા
- અફવાઓ ફેલાવવી કે સાંભળવી નહીં
- આગાહી થતા તાત્કાલિક પશુઓને ઊંચાઈવાળી સલામત જગ્યાએ ખસેડવા
- પશુઓ માટે સ્થળાંતર કરેલ સ્થળે સૂકોચારો અને પાણીની વ્યવસ્થા કરવી

### ▶ પૂર કે ભારે વરસાદ પછી લેવાના થતાં પગલાં

- ખાબોચિયાઓમાં ભરાયેલું ગંદુ પાણી પશુઓ પી ન જાય તેની કાળજી રાખવી
- પૂરને લીધે પશુઓને ન્યુમોનિયા, ઝાડા અને ચામડીના રોગો થાય ત્યારે નજીકના પશુ દવાખાનામાં પશુચિકિત્સા અધિકારીનો સંપર્ક કરવો
- મૃત્યુ પામેલ પશુઓની નોંધણી તાત્કાલિક ગામના તલાટીને રજીસ્ટરમાં કરાવવી ત્યારબાદ હયાત મૃતદેહનું સ્થાનિક પશુચિકિત્સા અધિકારીના પોસ્ટમોર્ટમ નિરીક્ષણ બાદ જ તેનો યોગ્ય નિકાલ કરવો, જેથી સરકારી સહાય મેળવવામાં કોઈ પ્રશ્ન ન આવે
- સ્થાનિક અધિકારીની સૂચના મળે ત્યાર બાદ જ પશુને રોજીંદી જગ્યાએ ખસેડવા
- પશુઓને મૂળ જગ્યાએ ખસેડતાં પહેલાં કોઢમાં ઝેરી જીવજંતુ કે જનાવર ન હોય તેવી તપાસ કરી લેવી
- વરસાદને કારણે લીલો/સૂકોચારો/દાણ જો વધારે પલળી ગયેલ ન હોય તો તેને સૂકવ્યા બાદ યોગ્ય જણાયે ઉપયોગ કરવો અન્યથા તેનો ઉપયોગ કર્યા સિવાય યોગ્ય નિકાલ કરવો






## વાવાઝોડા સામે પશુધનના રક્ષણ માટે સાવચેતીના પગલાં

### ▶ વાવાઝોડા પહેલાના પગલાં

- ટીવી કે રેડીઓ માધ્યમથી મળેલ સુચનાઓનો અમલ કરવો
- દૂરદર્શન અને રેડીઓના માધ્યમ દ્વારા અપાયેલ સચોટ માહિતીથી વાકેફ રહેવું અને અફવાઓથી દૂર રહેવું
- પશુધન માટે સૂકાચારા તથા સ્વચ્છ પાણીનો પૂરતા પ્રમાણમાં યોગ્ય સ્થળે સંગ્રહ કરવો

### ▶ વાવાઝોડા દરમ્યાનના પગલાં

- પશુઓને ખુલ્લા અને ઊંચા સલમાત સ્થળે રાખવા
- પશુઓને ખીલે બાંધવા નહીં
- પશુઓને ઝાડ, છાપરા નીચે કે દીવાલ નજીક રાખવા નહીં
- પશુધનને વિજળી થાંભલા પાસે/સાથે બાંધવા નહીં
- ઘેટાં, બકરાં, મરઘાં જેવા પશુ-પક્ષીઓ ગુંગળાઈ ના જાય તે માટે તકેદારી રાખવી

### ▶ વાવાઝોડા બાદના પગલાં

- બિમાર પશુઓની નજીકના પશુ સારવાર કેન્દ્ર ખાતે તાત્કાલિક સારવાર કરાવવી
- ગામમાં ચેપી રોગચાળા જેવી પરિસ્થિતિની જાણ નજીકના પશુ દવાખાના ખાતે તુરંત કરવી
- પશુ રહેઠાણમાં ઝેરી જીવ-જંતુની ચકાસણી કર્યા બાદ પશુ રાખવા
- વાવાઝોડા બાદ તનાવગ્રસ્ત પરિસ્થિતિમાં અગમચેતીના પગલાંરૂપે રસીકરણ કરાવવું
- મૃત પશુઓ માટે ઊંડો ખાડો ખોદી રાસાયણિક પાઉડરનો છંટકાવ કરી વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવો